| PUBLICATION NAME : | The Financial Express (Gujarati) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 09/08/2023 |
| PAGE : | 24 |

# ગુજરાતની નિકાસો વધારવા માટે એમેઝોને સરકાર સાથે કરાર કર્યા

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૮

એમેઝોન ઇન્ડિયાએ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) પર આન્ત્રેપ્રિનિયોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીપીઆઇ) અને કોટેજ એન્ડ રૂરલ ઇન્ડસ્ટ્રીઝ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર સાથે હસ્તાક્ષર કર્યા છે, જેથી રાજ્યમાંથી ઇ-કોમર્સ નિકાસોને વધારવામાં મદદ મળી રહેશે. એમેઝોન ગુજરાતમાંથી વણકરો, કારીગરો અને અન્ય માઇક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઇસીઝ (એમએસએમઇ)ને એમેઝોન ગ્લોબલ સેલિંગ-થી ઇ-કોમર્સ નિકાસ પ્રોગ્રામ હેઠળ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

ગુજરાતના એમએસએમઇ, કોટેજ, ખાદી અને ગ્રામીણ ઇન્ડસ્ટ્રીઝ માટેના પ્રધાન બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે અમારા મુખ્ય. અગ્રતાક્રમમાંનો એક ગુજરાતમાંથી નિકાસોને વધારવાનો રહેશે અને એમેઝોન સાથેની ભાગીદારી મારફત, અમારૂં ધ્યેય ગુજરાતમાં લાખો એમએસએમઇને ઇ-કોમર્સ નિકાસો અપનાવવા માટે સશક્ત બનાવવાનો છે. કુટિર અને ગ્રામીણ ઉદ્યોગોનું ખાતું લગભગ એક હજાર જેટલા કારીગરોને હેન્ડલૂમ અને હેન્ડિક્રાફ્ટ માટે તેના હસ્તકલા સેતુ યોજના પ્રોગ્રામ મારફત ઓળખી કાઢશે. એમેઝોન અને ઇડીઆઇઆઇ હાઇબ્રિડ (ઇન-પર્સન અને ઓનલાઇન) ટ્રેઇનિંગ સેશન્સ અને બીટુસી ઇ-કોમર્સ નિકાસો પર વર્કશોપ્સ હાથ ધરશે.